# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## HARSH SANGHAVI MEETING ON RAJKOT TRAGEDY

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટના અંગે કરવામાં આવેલી કામગીરીની માહિતી મેળવવા વિશેષ તપાસ ટુકડીના અધ્યક્ષ અને સીઆઈડી ક્રાઈમના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. શ્રી સંઘવીએ જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

આ બેઠક અંગે વિશેષ તપાસ ટુકડીના અધ્યક્ષ સુભાષ ત્રિવેદીએ માહિતી આપતા જણાવ્યું કે,

**(બાઈટ – સુભાષ ત્રિવેદી, અધિક પોલીસ મહાનિદેશક, CID ક્રાઈમ, SITના અધ્યક્ષ)**

..........

## GAMEZONE SUCHANA HARSH SANGHAVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં રાજકોટના ટીઆરપી ગેમઝોન જેવી દુર્ઘટના પુનઃ ન સર્જાય તેની તકેદારીના ભાગરૂપે રાજ્યભરમાં ખાસ તપાસ કરવા અને કડક પગલાં ભરવા સૂચના આપી છે. રાજ્યભરમાં ગેરકાયદે ચાલતા ગેમઝોનના માલિકો પાસે અગ્નિશામક દળનું ‘ના વાંધાપ્રમાણપત્ર’ ન હોય તો તેમની સામે પ્રાથમિક તપાસ

અહેવાલ નોંધવા શ્રી સંઘવીએ તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચના આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં સૂચના આપવામાં આવી છે. આ બેઠકમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને ગૃહ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

# RAJKOT GAMEZONE AROPI DEATH

રાજકોટ શહેર ક્રાઈમબ્રાન્ચ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાની તપાસ દરમિયાન મુખ્ય અગ્નિ અધિકારી, રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ અધિકારીની પૂછપરછ કરી રહી છે.

ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાના મુખ્ય આરોપી પ્રકાશ હિરન સામે લૂક આફ્ટર નોટિસ જાહેર કરવાની તૈયારી ચાલતી હતી. તે દરમિયાન તેમના માતાનું ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યું હતું. અને ગઈકાલે મોડી રાત્રે તેમના ડીએનએ સેમ્પલ મુખ્ય આરોપી પ્રકાશ હિરન સાથે મેચ થતાં તેઓ આ દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા હોવાનું જાહેર થયું છે.

---------------

# Panchmahal – Counting Talim

પંચમહાલમાં ગોધરાના નસીરપુરની સરકારી ઈજનેરી મહાવિદ્યાલય ખાતે આગામી 4 જૂને લોકસભા ચૂંટણી માટેની મતગણતરી હાથ ધરાશે. આ અંગે પંચમહાલ લોકસભાના નૉડલ ઑફિસર એચ. ટી. મકવાણાએ વધુ માહિતી આ રીતે આપી.

(બાઈટ - એચ ટી મકવાણા, નોડલ ઓફિસર, પંચમહાલ લોકસભા મતવિસ્તાર)

.................................

# KHEDA, ARVALLI - ACCIDENT

ખેડા જિલ્લામાં આવેલા કપડવંજ મોડાસા રોડ પર કાર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાતા 2 લોકોના મૃત્યુ નીપજ્યા છે. જ્યારે 10 જેટલા ઈજાગ્રસ્તોને કપડવંજની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કારમાં કુલ 12 લોકો બેઠા હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. આ અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન અરવલ્લીના મોડાસામાં રહેતા ડૉક્ટરના પુત્ર હિમાચલપ્રદેશ ફરવા ગયા હતા. તે દરમિયાન પાર્વતી નદીમાં ડૂબી જવાથી તેમનું મૃત્યુ નીપજ્યું છે. આ અંગે કુલ્લુ પોલીસ વડાએ ઘટનાની તપાસ હાથ ધરી છે.

----------------

## NARMADA SHOTGUN COMPETITION

નર્મદાના એક માત્ર રાઈફલ શૂટિંગ ખેલાડી સરફરાજ દેસાઈએ રાષ્ટ્રીય કક્ષાની 'ઑલ ઇન્ડિયા ઑપન કમ્પિટિશન' શૉટગન સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે. તો આ તરફ તાજેતરમાં જુનાગઢમાં યોજાયેલી રાજ્યકક્ષાના ખેલમહાકુંભ ટૂ પૉઈન્ટ ઓ હેન્ડબૉલમાં નર્મદાની મહિલા રમતવીરોએ કાંસ્ય ચંદ્રક હાંસલ કરી નર્મદાનું ગૌરવ વધાર્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંપૂર્ણ સુવિધાથી સજ્જ રાજપીપળા સ્પોર્ટ્સ સંકુલમાં રમતવીરોના રમત પ્રદર્શનને નિખારવા માટે તાલીમ આપનારા નિષ્ણાતોના પ્રયાસથી રમતવીરો રાષ્ટ્રીય—આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ચંદ્રક મેળવી જિલ્લાનું નામ રોશન કરી રહ્યા છે.

.................